ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૩૯ ટકા

# શહેરમાં વિશ્વ એઈડસ દિનની ઉજવણી










ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં આજે વિશ્વ એઈડસ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શહેરની વિવિધ શૈક્ષણિક, સ્વૈચ્છિક અને સરકારી સંસ્થાઓ દ્વારા એચઆઈવી-એઈડસ અંગે જાગૃતિ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. શહેરના નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વાવોલની આદર્શ નિવાસી કુમાર છાત્રાલય ખાતે, હેપ્પી યુથ કલબ દ્વારા સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે તથા જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા અડાલજ ખાતે માર્ગદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.

**● નિસર્ગ સાયન્સ સેન્ટર**

વાવોલના આદર્શ નિવાસી કુમાર છાત્રાલય ખાતે આયોજિત એઈડસ જાગૃતિ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ, આદર્શ નિવાસી શાળાના આચાર્ય ડૉ. પાલ તથા વિજ્ઞાન શિક્ષક વિરલભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. અનિલભાઈએ વિદ્યાર્થીઓને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન થકી એચઆઈવી વાઈરસ તથા એઈડસ રોગના લક્ષણો તેનાથી બચવાના ઉપાય વગેરે અંગે માહિતી આપી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓને 'એઈડસ નિવારણ પર શિક્ષા' નામની ડૉકયુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી હતી તથા સચિત્ર પોસ્ટર્સ પ્રદર્શિત કરાયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સાયન્સ સેન્ટરના કો-ઓર્ડિનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ તથા વિવેક મકવાણાએ જહેમત ઉઠાવી હતી.

**● સરકારી વિજ્ઞાન કોલેજ-હેપ્પી યુથ કલબ**

ગાંધીનગરના સેકટર-૧૫ ખાતેની સરકારી વિજ્ઞાન કોલેજના એનએસએસ યુનિટ દ્વારા હેપ્પી યુથ કલબના સહયોગથી વિશ્વ એચઆઈવી એઈડસ દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પેરા વોલેન્ટિયર સુધીરભાઈ દેસાઈએ એઈડસ ગ્રસ્તોના કાનુની અધિકારો અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા. આ પ્રસંગે જિલ્લા ક્ષય કેન્દ્રના ડીપીએમસીસી કેયુર જયસ્વાલે એનએસએસના સ્વયંસેવકોને એચઆઈવી વાઈરસ કેવી રીતે ફેલાય, તેનાથી બચવા શું કરવું તેમજ એઈડસ ગ્રસ્ત પિડીતો કે એચઆઈવી પોઝીટીવ વ્યકિતઓ સાથે હળીમળીને રહેવું અને તેમને હુંફ આપવી વગેરે અંગે માહિતી આપી હતી. કાર્યક્રમના સફળ આયોજન માટે પ્રિન્સિપાલ ડૉ. કે.જી. છાયાના માર્ગદર્શન હેઠળ એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. યુ.પી. તરપદા તથા તેમની ટીમે જહેમત ઉઠાવી હતી.

**● જિલ્લા ક્ષય કેન્દ્ર**

જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા સેકટર-૭ની ચૌધરી નર્સિંગ કોલેજ ખાતે વિશ્વ એઈડસ દિન નિમિત્તે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ડીટીઓ ડૉ. મીનાબેન ચૌહાણ, એઆરટી નોડલ ઓફિસર ડૉ. શશિ મુન્દ્રા, ડીપીએમસીસી કેયુર જયસ્વાલ ઉપસ્થિત રહ્યા હતા. અહીં વિદ્યાર્થીઓએ એચઆઈવી એઈડસ અંગે માહિતિસભર ચાર્ટસ બનાવ્યા હતા. આ ઉપરાંત જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા અડાલજના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ડૉ. એમ.એચ. સોલંકીએ નાગરિકોને માર્ગદર્શન પુરું પાડયું હતું.

## સે-૧૫ ફતેપુરામાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો



ગાંધીનગર, તા.૧

શહેરના સે-૧૫ ફતેપુરા વિસ્તારમાં એક મહિલા બુટલેગર તેના મકાનમાં દારૂનો જથ્થો રાખી દારૂનો ગેરકાયદે વેપલો કરતી હોવાની બાતમીને આધારે ગઈ સાંજે સે-૭ પોલિસની ટીમે દરોડો પાડી ૭૨ નંગ વિદેશી દારૂની બોટલો પકડી પાડી છે.

ફતેપુરામાં કેશરબેન ભાથીજી ઠાકોરના મકાનમાં દરોડો પાડી સર્ચ કરવામાં આવ્યું હતું. દરમિયાન સે-૭ પી.આઈ. જે.બી. પંડીતની ડીસ્ટાફની ટીમને મકાનના ધાબામાંથી વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. રૂ. ૨૮,૮૦૦ની કિંમતની ૭૨ નંગ બોટલો જપ્ત કરીને સે-૭ પોલિસે ગુનો દાખલ કરી ફરાર મહિલા બુટલેગરની શોધખોળ શરુ કરી છે.

## સે-૭ શોંપીંગ સ્થિત હાઈમાસ્ક ટાવર બે માસથી બંધ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના માર્ગો પર આવેલા મુખ્ય સર્કલોમાં દુર દુર સુધી લાઈટના અજવાળા પથરાય તે માટે તંત્ર દ્વારા હાઈમાસ્ક ટાવર ઉભા કરાયા છે. આ ટાવરને પગલે એક કિલોમીટર સુધીના વિસ્તારમાં અંધકાર દેખાતો નથી. ત્યારે સેકટર-૭ શોંપીગ સેન્ટરમાં આવેલ હાઈમાસ્ક ટાવર છેલ્લા બે માસથી બંધ હાલતમાં છે. તંત્ર સમક્ષ વેપારીઓએ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરી હોવા છતા તંત્રના ધ્યાને આ હાઈમાસ્ક ટાવર આવતો ન હોય તેવું લાગી રહ્યું છે.

ગાંધીનગર શહેરમાં દિવસ જેવું જ રાત્રે પણ લાગે તે માટે તંત્ર દ્વારા ઠેર ઠેર લાઈટની વ્યવસ્થા કરવામાં આવી છે. શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોના આંતરીક માર્ગ ઉપરાંત ઘર પાસે અને સેકટરોના શોંપીગ સેન્ટરોમાં પણ લાઈટના અજવાળા પથરાયા છે. તેમ છતા તાજેતરમાં તંત્ર દ્વારા શહેરના કેટલાક મુખ્ય સ્થાનો તેમજ સર્કલો પર કિલોમીટર સુધી લાઈટ પથરાય તેવા હાઈમાસ્ક ટાવર ઉભા કરાયા છે. પરંતુ સેકટર-૭ના શોંપીગ સેન્ટર ખાતે ટાવર બંધ રહેતા સમગ્ર વિસ્તારમાં અંધારપટ છવાયેલ છે. વેપારીઓ તેમજ નાગરીકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. રાત્રીના સમયે વેપારીઓને ચોરીનો ભય પણ સતાવી રહ્યો છે. જયારે અંધકાર થતા જ અસામાજીક પ્રવૃતિઓ પણ પ્રાંગરી રહી હોય તેવુ લાગી રહ્યું છે. જયારે શાકમાર્કેટ હોવાથી વેપારીઓ અને શાક ખરીદી માટે આવતા નગરજનોને ભારે પરેશાની વેઠવી પડે છે. શાકમાર્કેટમાં અંધકારને પગલે ચોર ઈસમો પણ પોતાની કળા કરી જાય છે. ત્યારે સેકટર-૭ શોપીગ સેન્ટર ખાતે રહેલ હાઈમાસ્ક ટાવર સત્વરે કાર્યરત થઈ જાય તેવી નગરજનો અને વેપારીઓની લાગણી અને માંગણી છે.



## નાંદોલ ત્રણ રસ્તા પાસેથી વરલી મટકાનો જુગાર રમતા ચાર ઝડપાયા

**એસઓજીએ દરોડો પાડી ૮૪૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો**

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે ચોકકસ બાતમીને આધારે ગઈ સાંજે દહેગામ તાલુકાના નાંદોલ ત્રણ રસ્તા પાસે સુલભ શૌચાલય પાછળ વરલી મટકાનો જુગાર રમાડી રહેલા ચાર શખ્સોને દબોચી લીધા હતા. રૂ. ૪૮૦૦ના રોકડ મુદ્દામાલ અને આંકડા લખેલું સાહિત્ય જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

એસ.ઓ.જી. પી.આઈ.પરેશ સોલંકીની ટીમ દહેગામ નહેરૂ ચોકડી નજીક પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહને ચોકકસ બાતમી મળી હતી કે નાંદોલ ત્રણ રસ્તા પાસે સુલભ શૌચાલય નજીક કેટલાક શખ્સો વરલી મટકાનો જુગાર રમી-રમાડી રહ્યા છે. આ બાતમી આધારે ટીમે દરોડો પાડી એસઓજીની ટીમે ચાર શખ્સોને રંગે હાથ પકડી ચારેયને આંકડા લખેલા સાહીત્ય અને રૂ.૮૪૦૦ રોકડ સાથે પકડી પાડવામાં આવ્યા હતા. દહેગામના હોળી ચકલામાં અબ્દુલસતાર હબીબમિયા મલેક અને રાજુ ગુલામહુસેન મનસુરી તથા જવાહર માર્કેટ સોમાભાઈની ચાલીમાં રહેતા રામભાઈ ભગવાનદાસ દેસાઈ અને રેલવે સ્ટેશન રોડ પર રહેતા લક્ષ્મણ માધાજી ઠાકોરની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## સિવિલમાં ૪ માસ બાદ ટુ ડી ઈકો મશીન કાર્યરત

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર સિવિલમાં છેલ્લા ચાર માસથી હૃદય સબંધિત ટુ ડી ઈકો ટેસ્ટ માટેનું મશીન બંધ હાલતમાં હતું. સિવિલમાં આવતા દર્દીઓ માટે ટેસ્ટ માત્ર અઠવાડીયામાં બે વાર જ કરવામાં આવે છે. ત્યારે ટુ ડી ઈકો બંધ રહેતા દર્દીઓને ખાનગીમાં હજ્જારો રૂપીયા ખર્ચ કરવા પડતા હતા.

પાટનગરની સિવિલમાં મેડીકલ કોલેજ ને પગલે દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સારવારમાં વધારો થવા પામ્યો છે. તો બીજી તરફ સિવિલનું બિલ્ડીંગ પણ આધુનિક બનાવાયા છે. દર્દીઓને કોઈપણ તકલીફ ના પડે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. પાંચ માળની ઓપીડી અને આઠ માળની ઈન્ડોર દર્દીઓને રાખવાની બિલ્ડીંગ દર્દીઓથી છલકાઈ રહી છે. જિલ્લા તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારના નાગરીકો માટે સિવિલ આશિર્વાદરૂપ સાબિત થઈ રહી છે. તાવથી લઈને કીડનીની બિમારીથી પિડાતા દર્દીઓની પણ સારવાર થઈ રહી છે. ત્યારે સિવિલના આઈસીયુ વિભાગમાં હાર્ટના દર્દીઓ માટે ખાસ ટુ ડી ઈકો ટેસ્ટ કરવામાં આવે છે. આ ટેસ્ટ ગાંધીનગર સિવિલમાં દર બુધવારે અને શુક્રવારના રોજ બપોરે કરવામાં આવે છે. માત્ર નજીવા ચાર્જમાં આ ટેસ્ટ કરવામાં આવતા દર્દીઓનો ખાનગી દવાખાના કે અમદાવાદ સુધી લાબા થવાનો વારો આવતો ન હતો. પરંતુ ટુ ડી ઈકો મશીનમાં ટેકનીકલ ખામી સર્જાતા છેલ્લા ચાર માસથી મશીન બંધ હાલતમાં હતું. જેને પગલે દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. ટુ ડી ઈકો માટે દર્દીઓને અમદાવાદ કે ખાનગી કલીનીકમાં હજ્જારો રૂપીયા ખર્ચ કરવા પડતા હતા. ત્યારે આજે ટેકનીકલ ખામી દુર કરવામાં આવતા મશીન કાર્યરત થઈ ગયું છે. જેને પગલે આગામી સમયમાં હાર્ટનો સંબંધિત દર્દીઓને જો ટુ ડી ઈકોની જરૂરીયાત જણાશે તો સિવિલમાં જ આ વ્યવસ્થા ઉપલબ્ધ હોવાથી દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો નહી પડે. સિવિલમાં આવતા હજ્જારો દર્દીઓને મશીન કાર્યરત થતા લાભદાયક રહેશે. ત્યારે આગામી સમયમાં પણ સીટી સ્કેન મશીન સત્વરે શરુ થાય તેવી લાગણી અને માંગણી નાગરીકોની છે.

## ભલે ગટર ઉભરાય, આચાર સંહિતા પતે પછી કામ થશે...!!

**વાવોલના રાજી વિસ્તારમાં છેલ્લા એક સપ્તાહથી ગટર ઉભરાવાની સમસ્યાથી ગ્રામજનો પરેશાન : ગ્રામ પંચાયતમાં રજૂઆત કરતા આચારસંહિતાનું બહાનું બતાવાયુ**



ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના વાવોલ ગામે રામજી મંદિર વિસ્તારમાં છેલ્લા એક સપ્તાહથી ગટર ઉભરાવાની સમસ્યા સતાવી રહી છે. આ સમસ્યાને પગલે ગંદકી તથા દુર્ગંધનું સામ્રાજય ફેલાયું છે અને આ સમસ્યા અંગે નગરિકોને ગ્રામ પંચાયતમાં રજુઆત કરતા 'હાલ ચુંટણીના કારણે આચારસંહિતા લાગુ પડેલ હોઈ ચુંટણી પત્યા પછી કામ થશે' તેવો જવાબ મળતા ગ્રામજનો આશ્ચર્યમાં મુકાયા છે.

એક તરફ વિધાનસભાની ચૂંટણીઓમાં 'વિકાસ'નો મુદ્દો ચર્ચાસ્પદ બન્યો છે ત્યારે બીજી તરફ વાવોલ જેવા રાજયના પાટનગરને અડીને આવેલા વિસ્તારમાં હજુ પણ ગટરો ઉભરાવાની સમસ્યાઓ માઝા મુકી રહી છે. વાવોલના રામજી મંદિર વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસથી ઉભરાતી ગટરે રહીશોને ત્રાહિમામ પોકારાવી છે. સતત ગંદકી અને દુર્ગંધના સામ્રાજય સાથે અહીં રોગજન્ય જીવાણુઓ જેવા કે માખી-મચ્છરનો ઉપદ્રવ વધતા રોગચાળો ફેલાવાની દહેશત ફેલાઈ છે. આ સમસ્યા અંગે રહીશોએ વાવોલ ગ્રામ પંચાયતનો સંપર્ક સાધતા ચુંટણી આચાર સંહિતાનું બહાનું આગળ ધરી દેવામાં આવ્યું છે. આ સંજોગોમાં રહીશોની હાલત કફોડી બની છે અને સત્વરે આ સમસ્યાનો ઉકેલ આવે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

# શિયાળાની ઠંડીમાં આદુ-લસણ સ્વાસ્થ્ય માટે ઉત્તમ

**આદુનું સેવન શરીરને તંદુરસ્ત અને સક્ષમ રાખે છે : શરદી-કફ મટાડી જઠરાગ્નિ પ્રબળ બનાવે છે : લસણ પણ તેટલું જ ફાયદાકારક**

ગાંધીનગર, તા.૧

ઠંડીની ધીરે ધીરે જમાવટ થઈ રહી છે અને શિયાળો એ શરીર માટે શ્રેષ્ઠ ગણાઈ રહ્યો છે ત્યારે ઠંડીમાં સ્વાસ્થ્યપ્રદ ખોરાક આરોગવા માટે લોકો અવનવી રસોઈને પ્રાધાન્ય આપી રહ્યા છે. જેમાં આદુ અને લસણનું સેવન શરીરને તંદુરસ્ત અને સક્ષમ રાખવા માટે ઉત્તમ ગણાઈ રહ્યું છે. જેનો ઉપયોગ ઠંડીમાં લોકો સૌથી વધારે કરી રહ્યા છે. શાક માર્કેટમાં પણ મોટી માત્રામાં આદુ અને લસણ વેચાણ અર્થે આવે છે અને વેચાણ પણ થઈ રહ્યા છે. આદુ અને લસણનો શરીરના વિવિધ રોગોમાં અસરકારક ઔષધિ તરીકે પણ ઉપયોગ કરાય છે.

ઠંડીમાં ઉપયોગ કરાતા ગરમ મસાલામાં આદુ રાજા ગણાય છે. જે શરદી-કફ મટાડી, જઠરાગ્નિ પ્રબળ બનાવે છે. જેથી ઠંડીમાં રોગ પ્રતિકારક દવા તરીકે પણ લોકો આદુનો ઉપયોગ કરે છે. આદુમાં તીખાશ, સ્ટાર્ચ અને ઉડીયન તેલનું પ્રમાણ અન્ય કરતા વધુ હોવાથી પીત્તનું શમન કરી અનેક રોગોને મટાડે છે. હાલ વહેલી સવારે પીવાતી ચામાં આદુનું પ્રમાણ વધારે હોય છે અને





લોકો આદુ વાળી ચા પીવાનો આગ્રહ પણ વધારે રાખે છે. શાક માર્કેટમાં આદુ હાલ ૫૦ થી ૬૦ રૂપિયે કિલો મળી રહે છે. અને ગૃહિણીઓ સૌ પ્રથમ આદુ ઉપર પસંદગી ઉતારે છે. જો કે તબીબો પણ આદુના સેવનને પ્રાથમિકતા આપી રહ્યા છે.

ઠંડી એ હજુ પોતાનો અસલી મિજાજ પ્રદર્શિત કર્યો નથી પરંતુ વહેલી સવારે અને સાંજ પછી ઠંડીની જમાવટ થઈ રહી છે. આદુ જેટલું જ અસરકારક લસણ ગણાઈ રહ્યું છે. શરીરમાં ગરમાવો લાવી અપચો, ગેસ તેમજ પેટના રોગોનું શમન લસણ કરે છે. જેથી શિયાળામાં બનતી રસોઈમાં ગૃહિણીઓ લસણનો ભરપૂર ઉપયોગ કરે છે. વધુમાં શિયાળામાં શરીર-સૌષ્ઠવ માટે પ્રોટીન યુકત ખોરાકનું પ્રમાણ વધારી બારેમાસ શરીર તંદુરસ્ત રહે તેવા ગરમ તેજાના સાથેના ખોરાકને પ્રાધાન્ય અપાય છે. એકંદરે આદુ-લસણનો ઉપયોગ શિયાળા દરમિયાન વધારે પ્રમાણમાં કરવાથી શરીર રોગ મુકત બની તંદુરસ્ત રહે છે.

## @ગાંધીનગર

● ગાંધીનગર જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન સે-૩ વગડાવાળી માતાજીના મંદિરે કાનુની શિબિર યોજાશે.

● જે.જે. બજાજ કુદરતી ઉપચાર કેન્દ્ર અને ગુજરાત વિદ્યાપીઠ ખાતે તા. ૨ થી ૪ ડિસેમ્બર દરમિયાન સર્વ રોગ શિબિર યોજાશે.

## સિનિયર સિટિઝન કાઉન્સીલનો રજત જયંતિ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧

સિનિયર સિટિઝન કાઉન્સીલ ગાંધીનગરની રજત જયંતિ નિમિત્તે તા. ૧૦મી ડીસેમ્બરના રોજ બપોરે ૨.૩૦ કલાકે શ્રી ખીમજી વિશરામ હોલ, કડી કેમ્પસ, સે-૨૩ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાનાર છે. જેમાં સિનિયર સિટિઝન કાઉન્સીલના તમામ સભ્યોએ પરિવાર સહ હાજર રહેવા જણાવાયું છે.

## એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓ ઈન્દ્રોડા પાર્કની મુલાકાતે

ગાંધીનગર, તા.૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતીએમ.બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલની ધો-૨ની વિદ્યાર્થીનીઓએ તા. ૨૪ અને તા. ૨૮ નવેમ્બર એમ બે દિવસ ઈન્દ્રોડા પાર્કની મુલાકાત લીધી હતી. જેમાં પ્રકૃતિના દર્શન, વિવિધ પક્ષીઓ, ડાઈનોસોર, પ્રાણીઓ વગેરેનું રૂબરૂ દર્શન કરી જ્ઞાનમાં વધારો કર્યો હતો. શાળાના શિક્ષકો કાશ્મીરાબેન, કિરણબેન, મિનાક્ષીબેન, હંસાબેન તેમાં જોડાયા હતા. આચાર્ય નીરૂબેન જે. પટેલે સૌને અભિનંદન પાઠવી પ્રકૃતિ ઉદ્યાનના અધિકારીશ્રીઓનો આભાર માન્યો હતો.

## ગાંધીનગરના પેન્શનરો જોગ

ગાંધીનગર, તા.૧

તિજોરી અધિકારી (પેન્શન), પેન્શન ચુકવણા કચેરી, ગાંધીનગર દ્વારા પેન્શન મેળવતા પેન્શનરોને જણાવ્યું છે કે, જે પણ પેન્શનની આવક કરપાત્ર થતી હોય તેવા પેન્શનરોએ પોતાના ચાલું નાણાંકીય વર્ષ દરમ્યાન કરાનારા રોકણોની નકલો તા. ૩૧ મી ડિસેમ્બર, ૨૦૧૭ સુધીમાં પેન્શન ચુકવણા કચેરી, ભોંયતળીયે, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે મોકલવાની રહેશે. નિર્ધારીત સમયમાં આ કચેરીને વિગતો નહીં આપે તો તેમના પેન્શનમાંથી નિયમ અનુસાર આવકવેરાની ગણત્રી કરીને આવકવેરાની કપાત કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

### અવસાન નોંધ

એસ.બી.આઈના નિવૃત્ત અધિકારી રમણભાઈ શિવરામભાઈ પરમારનું તા. ૧-૧૨-૨૦૧૭ના રોજ દુ:ખદ અવસાન થયું છે. રીત-રીવાજ મુજબ તેઓનું બેસણું તા. ૨,૩, ૪ ડિસેમ્બરના રોજ તેમના નિવાસસ્થાન ૭, ભગીરથ ટેનામેન્ટ, કોટેશ્વર રોડ, મોટેરા-અમદાવાદ ખાતે સવારે ૯ થી ૧૨ રાખેલ છે.

### ચિરવિદાય

- સ્વ. સીતાબેન શાંતિલાલ પટેલ, ઉ.વ. ૬૭
- સ્વ. પ્રેમીલાબેન હસમુખભાઈ પટેલ, ઉ.વ. ૭૩